શ્રી

ભક્ત મણિ

મયુર ધ્વજ

નાટકનાં ગાયનો.

શ્રી નરહરી પ્રાસાદિક નાટક કંપની માટે

રચી પ્રસિદ્ધ કરનાર

જમનાદાસ વસનજી ઠક્કર,

મેનેજર

શ્રી નરહરિ પ્રાસાદિક નાટક કંપની.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦.

ધી "નેશનલ" પ્રેસ, મધે મિ. પ. સીધવાએ છાપ્યું છે.

સંવત ૧૯૭૦.   ઈસ્વી૦ ૧૯૧૩.

કિંમત ૦-૨-૦

ભક્ત મણી

મયુર ધ્વજ

નાટકની પ્રવેશવાર હકીકત.

અંક પહેલો.

૧— પ્રખ્યાત મહાભારતના યુધ્ધમાં વિજય મેળવી પાંડવો એ ચક્રવર્તિ થાવા માટે રાજસૂય યજ્ઞ આરંભેલો ને યજ્ઞનો અશ્વ દરેક રાજ સ્થાનમાં ફેરવવા માટે પોતાના સરદાર પ્રમત શૌર્યની સાથે મોકલેલો તે પ્રમતશૌર્ય દરેક રાજાઓને પાંડવોનું દાસત્વકબુલ કરાવી છેવટ મયુરપુરીમાં આવી ત્યાંના રાજા મયુરધ્વજને પાંડવોનું દાસત્વ સ્વિકારવાનો અથવા તો યજ્ઞ અશ્વને બાંધવાનો સંદેશો મોકલેછે પણ મહારાજા મયુરધ્વજ યાત્રાએ ગય

હોવાથી તેમનો કુમાર તામ્રધ્વજ પ્રમતશૌર્યને મોકલેલા સંદેશાનો જવાબ દેવા જાતે આવે છે ને પાંડવોનું દાસત્વ ન સ્વિકારતાં અશ્વને કેદ કરવા તઇયાર થાયછે.

૨— પ્રમતશૌર્યની સાથે આવેલી તેની પુત્રી સત્યમાયા સાયંકાળે દેવ દર્શન કરવા આવેલી તેને જોઇ મયુરધ્વજનો પ્રધાન વિરવર્મા મોહાસકત થાય છે ત્યાર બાદ કુમાર તામ્રધ્વજ અને પ્રધાન પુત્ર વિરલધન્વા ત્યાં આવી ચડે છે ને સત્યમાયા અજબ સંજોગથી તામ્રધ્વજ સાથે પ્રેમમાં પડે છે.


૩— ધનવીર નામના વિધુર થએલા વાણિયાની પોતાના ગોર ભીખાભટ તથા પુત્રિ સૌભાગ્યકેશી સાથે ગમ્મત ભરી વાત ચીત.

૪— પ્રધાન વિરવર્મા પ્રમતસૌર્યની છાવણીમાંથી જેમલ આબાર અને ઢીમરા નામના કાબાઓ મારફત સત્યમાયાનું હરણ કરાવે છે ત્યાર પછી તામ્રધ્વજ પ્રમતશૌર્યથી લડી તેને તથા યજ્ઞના અશ્વને કેદ કરે છે.

૫— યાત્રા કરવા નિકળેલા મહારાજા મયુરધ્વજ શ્રી દ્વારિકાંમાં આવે છે ત્યાં તિર્થના બ્રાહ્મણોથી તિર્થ કરનારાઓ પર ગુજરતા ત્રાસને જોઇ અનુભવી ખેદ કરેછે ને ગોપાળ નામના ભક્તના દ્દઢ પ્રેમથી ભગવાન તુલસી પત્રે તોળાઇ બ્રાહ્મણોને પાછા પાડેછે એ જોઇ પ્રભુ પ્રેમમાં મુગ્ધ થાય છે.

૬— સત્યભામાને વિશ્વમંગે ચંપા નામની કુટણીને ઘેર છુપાવી તેની ચોકી કરવા જેમલ આભીર ને ઠીમરાને સાધુ વેશમાં ચંપાનાં ઘરની આસપાસ રાખેલા છે તેઓ ધણીયાણી ગોતતાં ધનવીરને મળે છે ને તેની પુત્રી સૌંદર્ય કેશાને ઉપાડી જવાને તથા માલ મત્તા લુંટી લેવાના ઇરાદાથી યુક્તિ કરી આભીરને કન્યા બનાવી ધનવીરને પરણાવે છે.

૭— હસ્તિનાપુરમાં પાંડવોએ આરંભેલા રાજસુય યજ્ઞમા યજ્ઞ નારાયણનાં દર્શનની ઇચ્છાથી મહારાજા મયુરધ્વજ આવેછે ત્યાં મયુરપુરીમાં તામ્રધ્વજે અશ્વ બાંધ્યા એવા ખબર મળેછે એટલે અરજુન અને મયુરધ્વજની વચ્ચે વિવાદ થાયછે. જેમાં અરજુન ગર્વથી મયુરધ્વજને દબાવે છે ભક્તરાજા મયુરધ્વજ અરજુનને ગર્વ ન કરવા તથા વિજયનો યશ શ્રી કૃષ્ણને દેવાનો સદ્‌બોધ આપે છે, પણ ગર્વિષ્ટ અરજુન કૃષ્ણ કૃપાનો અનાદર કરી પોતાનાં બળને પ્રાધાન્ય પદ આપેછે જેથી મયુરધ્વજ નારાજ થઇ ચાલ્યો જાય છે ને અરજુન યજ્ઞ અશ્વને મેળવવા યુધ્ધની તઇયારી કરે છે.



અંક બીજો

૧— મહાભારતનું યુધ્ધ સમાપ્ત થતાં શ્રી કૃષ્ણચંદ્ર હસ્તિનાપુરથી દ્વારિકાં આવી પ્રથમ રાધાને મળવા જાયછે જેથી બાકી સર્વ રાણીઓ રીસાય છે તેઓને શ્રી કૃષ્ણ રાધાના દૃઢ પ્રેમની ખાત્રી કરાવે છે ને સ્ત્રી ધર્મનો ઉત્તમ બોધ આપી નારદને લઈ અરજુનના ગર્વનું ખંડન કરવા ગારૂડી રૂપે હસ્તિનાપુરમાં જાય છે.

૨— પાંડવોની રાજસભામાં ગારૂડી રૂપે આવી શ્રી કૃષ્ણ અરજુનને માયાવી અશ્વપર બેસાડી અંત્રીક્ષમાં મોકલે છે.

૩— ધનવીરના ઘરમાંથી જેમલ હીમરૂ, અને આભીર સોંદય કેશીને ત્યા પૈસા ટકાને લુંટી જાયછે.

૪— અંતરીક્ષમાં ગએલો અરજુન અશ્વપરથી ઉછળી કૃષ્ણના માયાથી બનેલા દાનવોના એક બેટમાં પછડાયછે ત્યાં દાનવોનો રાજા આવી પોતાની પુત્રિ [illegible] અરજુન સાથે બળાત્કારે પરણાવે છે.

૫— સોંદર્ય કેશીને ઉપાડી કાબાઓ ચંપાને ત્યાં લાવે છે ને

પરસ્પર લડી આભીરનું ખુન કરે છે આ ગડબડાટ સાંભળી નગર ચર્ચા જોવા નિકળેલો વિરલધન્વા ત્યાં આવે છે કાબાઓ નાસી જાય છે ચંપાને કેદ કરી વિરલધન્વા કોટવાળ પાસે મોકલાવે છે ને પોતે સૌંદર્ય કેશીની સંભાળ રાખવાને બંદોબસ્ત કરી ખુનની તપાસ થતાં સુધી ત્યાજ રાખે છે અહીં બન્નેના મનમાં પ્રેમ બીજ રોપાય છે.

૬— વિરૂપા સાથેના સંસારથી અરજુનની અધમ દશા.

૭— ચંપાને ઘેર સત્યમાયાને મળવા વિરવર્મા અને સૌંદર્ય કેશીને મળવા વિરલધન્વા આવતાં પિતા પુત્રમાં કલેશ થાય છે ને વિરવર્મા વિરલધન્વાને મારવા ધસતાં તામ્રધ્વજ આવી ચડે છે ત્યાં વિરવર્મા કેદ થાય છે તામ્રધ્વજ સત્યમાયાને તેમજ વિરલધન્વા સૌંદર્ય કેશીનેરાજ મહેલમાં લઇ જાય છે, ને ચંપા માલણને ધનવીર શેઠને સોંપી દીએ છે.

૮— વિરૂપા તથા તેનાં છોકરાઓથી કંટાળી અરજુન કુવામાં પડે છે.

૯— નારદ બ્રાહ્મણ રૂપે આવી મયુરધ્વજ પાસે પાંડવોના યજ્ઞ અશ્વનુ દાન માગે છે રાજા તે આપે છે.

૧૦— પાંડવોની રાજસભા, અશ્વપર બેસી અંતરીક્ષમાં ગયેલ

અરજુનની રાહ જુએ છે ત્યાં અરજુન ભયભિત થઇ આવે છે ગારૂડી પોતાનો અશ્વ તેની પાસે માગે છે અરજુન પાસે તે ન હોવાથી શરત પ્રમાણે યજ્ઞનો અશ્વ જીતી આઠ દિવસમાં ગારૂડીને સોંપવા પાંડવો બંધાય છે એટલામાં વિરૂપા આવી અરજુનની માગણી કરે છે યુધિષ્ટર ન્યાય ખાતર તેની સાથે જવાની આજ્ઞા અરજુનને કરે છે આથી અરજુન દેહ ત્યાગ કરવા તઇયાર થાય છે એટલે કૃષ્ણ પ્રગટ થઇ સાચી વાત સમજાવે છે ને અરજુનને થએલો ગર્વ ઉતારી સદ્બોધ આપે છે.

અંક ત્રીજો

૧— અરજુન અને તામ્રધ્વજ વચ્ચે યજ્ઞ અશ્વ માટે યુધ્ધ થાય છે ત્યાં કૃષ્ણ પ્રગટ થઇ બન્નેનુ સમાધાન કરે છે મયુરધ્વજ પાસેથી દાનમાં લીધેલા ને પાંડવો પાસેથી શરતમાં જીતેલો અશ્વ પોતાની તરફથી અર્જુનને સોંપી યજ્ઞ પુરો કરવા ને મયુરધ્વજને દાસત્વમાંથી મુક્ત રાખવા અરજુનને આજ્ઞા કરી મીત્ર અને ભક્ત બન્નેની ટેક જાળવે છે.

૨— મયુરધ્વજનું માન જાળવી દાસત્વમાંથી મુક્ત રાખ્યો તેથી અરજુનને કૃષ્ણપર દુઃખ થાય છે ને મયુરધ્વજમાં એવું શું છે તે જાણવા હઠ કરે છે તેથી કૃષ્ણ મયુરધ્વજનો પ્રેમ કેવો છે તે અરજુનને દેખાડવા માટે પોતે સિંહ બને છે અરજુનનો ચમાર તથા નારદને ચમારનો પુત્ર બનાવી પરિક્ષાની શરૂઆત કરે છે.

૩— અરજુન ચમાર રૂપે આવી મયુરધ્વજને કહે છે કે મારા પુત્રને એક સિંહ મારી નાખે છે પણ આપ ત્યાં આવો તો તે બચે તેમ છે આ સાંભળી રાજા તેની સાથે જાય છે.

૪— ચમાર પુત્રને દબાવી બેઠેલા સિંહ પાસે રાજા આવી કૃષ્ણ

ભક્ત ચમાર પુત્રનેભક્ત પોતાનું કલેવર કબુલ કરે છે. ૧

૫— સત્યભામા સૌંદર્યકેશી તામ્રધ્વજ અને વિરહધન્વાની પ્રેમ લીલા.

૬— જેમલ દીમેગ અને ચંપાને યુક્તિથી કાઢીમા પૂગી ધનવીર અગમાની દીએ છે.

૭— કરેલી કબુલાત પ્રમાણે મયુરધ્વજ કાશીક્ષેત્રમાં આવી કલેવર આપતાં કૃષ્ણ પ્રગટ થઈ બેઠે છે અરજુન ભક્તનો ભગવાન પ્રતિ ભાવ જોઈ ગદગદ થાયછે ને પોતાની ભુલ માટે પસ્તાય છે શ્રી કૃષ્ણ ભગવાન પ્રસન્ન થઇ મયુરધ્વજને દિવ્ય લોક તેમજ પોતાનાં વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવે છે સર્વે પાત્રો વિષ્ણુ દર્શન અને વિશ્વ સ્તુતિ કરી ધન્ય જન્મ થાય છે

"સમાપ્ત."

મયુર ધ્વજ નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્ર

શ્રી કૃષ્ણ ... ... વિષ્ણુ અવતાર દ્વારિકાંના રાજા

નારદ ... ... દેવ ઋષિ

મયુરધ્વજ ... ... મયુરપુરીનો રાજા

તામ્રધ્વજ ... . તેમનો કુમાર

વિરવર્મા ... ... તેમના પ્રધાન

વિરક્ષચન્દ્રા ... . પ્રધાનનો પુત્ર તામ્રધ્વજનો મિત્ર

યુધિષ્ટિર }
ભીમ
અર્જુન
સહદેવ
નિકુલ } ... ... પાંડુ રાજાના પ્રખ્યાત પુત્રો

પ્રમતશૌર્ય ... ... પાંડવોનો સરદાર

ધનવીર ... ... મયુર પુરીનો એક વાણીઓ

જેમલ }
આબીર
ઢીમરો } ... ... ચોરી ખુન ઠગાઇ વિગેરે કામ કરનારા કાબા

સ્ત્રી પાત્ર

કુમુદ વદની ... ... મયૂર ધ્વજની રાણી

સત્યભામા ... ... પ્રમતશૌર્યની પુત્રી તામ્રધ્વજ
ની રાણી

સૌંદર્યકેશી ... ... ધનવીરની પુત્રી વિરલધન્વા
ની સ્ત્રી

ચમ્પા ... ... એક માલણ

સત્યભામા
જાંબુવંતિ
રૂક્ષ્મણી
રાધા } ... ... શ્રી કૃષ્ણની રાણીઓ

માયાવી પાત્ર — ગાઉડી દાનવરાજ વિરૂપા વજ્રદંષ્ટ્રા સિંહ
રામદાસ માધવદાસ લોહીપીણો ચામતોડાગો જીવલેણ
દુ:ખદેણ વિગેરે

પરચુરણ પાત્ર— ગોર બ્રાહ્મણ ગોપાળભક્ત મંગાબાપ
નટવરલાલ વાણીયા સિપાઇઓ દરબારીઓ વારાંગનાઓ
બા. બરકર વિગેરે

શ્રી

ભક્ત મણી

મયુર ધ્વજ

નાટકનાં

ગાયનો.

અંક—પહેલો

પ્રમતસોર્ય— ૧.

શ્રી સિધ્ધિ ત્યાંજરે
જ્યાં યોગેશ્વર કૃષ્ણચંદ્રને પાર્થ ધનુર્ધર છે છે છે —શ્રી સિધ્ધિ૦
નરને હરી જય સૌમ્ય મુરતિ રિપુ વિભંજની
રાગી રંજની છે મમ શિરમણી એ એ એ—શ્રી૦
ભારત નૃપ મંડળ વશ કરવા તેની સહાય લઇ
ફરૂં અભય થઇ ચરણ શરણ સહુ સેં લે લે—શ્રી૦
જેની કૃપાથી હજુ અજીત છું તે ગિરધારી
સ્તુતિ સ્વિકારી, વિજય આપી પણ દે દે દે—શ્રી૦

સામ્ર— ૨

છેલ્લા મળો મીજમાનની રીતે
સુખે મળીશું ફરી બહુ પ્રિતે

પ્રમતશૌર્ય—

ભલે પ્રિય પ્રણામ પધારો જોશું જંગમાં રંગ તમારો —છેલ્લા

સામ્ર—

જીતી ઉતારશું આપનું પાણી તોપણ રીતન ત્યાગશું શાણી
રાખશું રાજ મહાલય બાંધી ચિંતા ન રાખશો ચાતુર ચિતે—છેલ્લા

પ્રમતશાઉય—

થાશું અમે મિજમાન તમારા કે લઇ જાશું કરીને અમારા
જાણુશો તે જવ આવશો સામા આગળથી ગુણ ગાયો ન ગીતે
— છેલ્લા

સત્યમાયા— ૩

આવ્યો આલી આ રાજવીરે લઇને સ્વારી જોગી ચિત ચોરનારી
જો વસંત વાલી — આવ્યો૦
તજીને યોગીઓ તપ ધ્યાન ગયા ત્રાસીરે
થતા ગીરી ગુહાના વાસીરે છતાં કંપે અજ ઉપાસીરે
જોઇ ખાંસીરે મોહ ફાંસીરે — આવ્યો૦
વિરહણી વિલાપથી સુકાઇ જાય જો અતિરે
પરણિના ભિખારી વિકળ મુગ્ધા થતિરે—આવ્યો૦

સાખી

યોગી વિયોગી પિડાયછે સુખી સંયોગી સમાજ,
શોક હર્ષ ત્રિભુવન ભર્યાં રંગ રંગ ઋતુરાજ.

કરમાં પુષ્પ ધનુ ધાર્યું છે સજીવ અનંગ શોભે અંગમાં
મધુર છેક છડીદાર જણાવે શોરથી જયકાર
કોયલના ટહુકાર સુણી કહે પ્રાણિ ત્યતિકાનાર
સરણાઈ આભાઈ ઉરમાંઈ કરેલાઈ જઉંહાઈ
સુખદાઈ પિયુ આવ્યાં નથી —આ૦બો૦
કિન્સુક વારી ની પીચકારી ભરી ભરી ભાવે વિહાગી
શોભી ખુપાય કુસુમની ક્યારી દુરથી દેખાને પ્યારી
કરે તન વસ્ત્રને એક તે માગી કરતાં આનંદ પ્રિય પ્યારી
વૃંદ જોતાં મુખચંદ રીઝવે અનંગ સંગ અંગના પ્રસંગ થકી
—આ૦બો૦

સત્યમાયા— ૪

મીઠા મોહન બાખી નીભાવી રીઝાવજો
જાણોછો રાગીની રીતી —મીઠા૦
બાળા સહુજાને શીખ શી આપવી
લીધુંછે અંતર જીતી —મીઠા૦
લગની લાલચ જેવીછે હાલ તેવીજ રહે રસાલ

યાચના એજ છે ભાગજો બીતિ
તામ—આશુ તું રાખ અતિતિ —બીહા૦

ધનવીર— ૫

લાવ લેશુ શેઠાણીની સાથ
ફેરો મીઠે સુરે સ્વામીનાથ
ત્યાંતો હઈશું આ રૈયે ન હાથ
લેશુ બકી બીડી ખુબ બાથ —લાવ૦
સામ સામે પાટલે હારા આરોગશું
એક બીજાં કોળીયા લઈ દઈ રાજી થશું
કરશું ખાટી મીઠી વાત
ત્યાંતો રંગે ખુટી જાશે રાત —લાવ૦

મયુરધ્વજ— ૬

ઉર સહજ શાન્તિ સુખદે
લીલામય આ ધામ પ્રભુનાં મદ મોહ માન હરિલે —ઉર૦
પ્રતિમામાંછે પ્રભુત્વ આવું તો સાક્ષાતની વાતજ શી ?
ભક્ત ભ્રમર વિણુ અવર ન ચાખે પદ પંકજ રસએ —ઉર૦
બાહ્યાભ્યંતર શુચિ કરવાનું સાધન તિર્થાટન શુભછે;
સાર આહી બની જે એ ફરતો હરિમય તે થઈરે —ઉર૦

ગોપાલભક્ત— ૭

જય વિઠ્ઠલ જય ગીરીધર થારી શરણાગત હિતકારી
જય માધવ કૃષ્ણ મુરારી ભયહારી —જય૦

ભક્તકાજ થઈને અવતારી અદ્ભુત લીલા કરતા રે ભારી
પાપી વિદારી ધરા ઉધ્ધારી અંતર દેતા ઠારી
છે આપ દયાની ન્યારી બલીહારી—જય૦
મચ્છ કચ્છને ફરશુધારી વામન રામ નૃસિંહ પૃથુ તનુધારી
મૂર્તિ તમારી મુજને પ્યારી ગોપીજન મનહારી
કરો મમ મન મઢી પધારી ઉજીઆરી—જય૦

ગોપાળ ભક્ત— ૮

તું તે જાગેછે કે ઉંઘેછે એ આ બાપલારે—તું તે૦
દર્શન દેતો દાડી દાડી આજ બેઠો કાં મુખ છુપાડી
પેંગલ્યા મુજ માડીએ શું તુંને છલ્લારે—તું તે૦
બાળક સામું બેઠું રોતું બાપ છતાં એ કેમ ન જોતું
બોલ બોલ બે ચાર મારીને ટાપલારે—તું તે૦
નહી માનેતો હું ય રીસાઇશ મરી જઇશ પણ અન્ન નખાઇશ,
ટગ વગાવીને રૂડો લાગજે તું ભલાર—તું તે૦

ગોપાળ ભક્ત— ૯

ધન્ય ધન્યછે વનમાળી તોળાયા વાલની વાળીરે—ધન્ય૦
દાસને કારણ મોટપ ત્યાગી ફુલથી ફોરાથાય
એતો પ્રીતી આપમાં ભાળી—ધન્ય ધન્ય૦
મેં વરસાવ્યોતો નાથજી કુડાં વેણાંનો વરસાદ
છતાં રીઝયા એ હસી ટાળી—ધન્ય ધન્ય૦
દોષ ન જોજો મારા દયાળુ જોજો તમારીટેક

દેજો આપ રૂપમાં ચાળી—ધન્ય ધન્ય૦
વ્હાલા વીસામા વસો મારે આંગણું દુખની ટાળવા ખેપ
મારે હવે રોજ દીવાળી—ધન્ય ધન્ય૦

ધનવીર— ૧૦

જાશું હવે અમે જલ્દી મારાજ ફેરાવજો હાથજો કાંઇ કામ કાજ

ગોમરો—

કેરા બાકોર ક્યાં જાશો દરરાજ પગે ગુરૂને ભેટ નહીતો થાશે નારાજ—

ધનવીર—

હમણાંતો ખીસામા પાઇએ ભેગી નથી, ચેલાને મોકલજો લાગ દઇશ ઘેરથી,

ખાખીર—

ચોટીઆ ગોળામાં આમ, આપોને દામ, તો થાશે કામ, નહીંતો તમે છો મારે તો હરામ:

ધનવીર—

હાય હાય વાલી કાંઇક કર્યાથા, જુખ નથી આ, ચાલ મોરથા' કોઇક આમ;

જેમલ—જમતો શેઠાની યહાં આઇએ શેઠજી ચુપકર ઘર જાઇએ

ગોમરો—જાણુછ શું પાછ આ શાક ભાજી જા જા જા

ધનવીર—રાખો ગરૂ વીસવાસ હું એજ્જુ આપ જેવા સાચો ભગતજી
મોકલીશ ઘેરથી સોનાની કાંઠલી, ઉપરથી મેવાને મીઠાઇની માટલી'

સોગનછે આપના, ને મારા બાપના

ઢીમરો—કેમ ગુરૂ શો વિચાર કહો દોસ્ત

જેમલ—જાનેદો દેખેંગે બમબોલા જા જા જા

ધનવીર—ચાલો શેઠાણી લટકાળી હવે તું રાણીને હું છું રાજ—જા૦

૧૧

મયુરધ્વજ—

જય જય સુરનાયક જન સુખદાયક પ્રણત પાલ ભગવંતા
ગોદ્વિજ હીતકારી જય અસુરારી સીન્ધુ સુતા પ્રીય કંતા
પાલન સુરધરની અદભુત કરની મર્મ ન જાને કોઇ
જે સહજ કૃપાલા દીન દયાલા કરહુ અનુગ્રહ સોઇ
જય જય અવીનાશી સબ ઘટ વાસી વ્યાપક પરમાનંદા
અવિગત ગોતીતા ચરિત પુનિતા માયા રહીત મુકુંદા
જેહી લાગી વીરાગી અતી અનુરાગી વીગત મોહ મુનીવૃંદા
નીશી વાસર ધ્યાવહી હરી ગુન ગાવહી જયતી સચ્ચિદાનંદા

(તુ—કૃ—રા)

૧૨

મયુરધ્વજ—

ન શોભે કુમાર અધમ ઉદગાર કરીને વિચાર કૃતઘ્નિ થતા
છે મંજુ અવતાર યશોદા કુમાર પાંડવ હીતકાર ત્રિલોકિ જ્ઞાતા—ન.
નીજ આશે રહી લડયા માન્યા કીર્તિ અમાપ,

સુખમાં તેને જુલતાં ફરી થાશે પરીતાપ,
ભો શાન નીશાન, ભુલો નહી ભાન, તજો અભીમાન, રહો નમતા.-

ન શોભ—૦

કર્તાં હર્તાં એજ છે તમો નામિ નજ ભાઇ,
હું હું કરતાં કર્મમાં જરૂર જશો જકડાઇ,
સુભા શુભ કામ, કરે એ તમામ, તમારૂં તો નામ, છે એના સત્તા

—ન શોભં૦

અર્જુન—

૧૩

ઝટ કરી નાર્થના શુણી આ સવારી
કોણ સુરખનર છેડ મણીધર
રૂવે રૂવે વિષમય કાંગી વિચારી —કરી૦
જીવ વિના જેમ કાયા ન કામની રવબળ વિણુ તેમ રહાય નામની
કેમ શકું ધારી જયકારી મુરારી —કરી૦
આવે અનેક મ્હારથી સામા પાછો હઠુ શાસન દેવામાં
તો તો અવિચારી બધી મારી ખુમારી — કરી૦

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો

સત્યભામા— ૧૪

ગયું પોગળ આજ કળાઈરે મને ફાસલાની છેક છે છળે
કહે તાંગા છું તારો સદાયે પણ મન ખોલીને બોલે મળે —ગયું
ગોરી ગુણુ ઉણુ એ રાધા તેમા ગયા મોહિ શું માધા
એમ શું અધુરા આરાધ્યા જેવી કાદે વ્હાલમા વાંધા
હવે અમથી નહિ રહેવાયે આના રીતથી ચિન્ત ચિરાયરે
જરી શરમ એમને નાં મળે — ગયું૦

પ્રતિહાર — ૧૫

રાજા વિરાજ મણિ યાદવ દ્વારી કેશ
અંશાવતાર હરિના અતિ દિવ્ય વેષ
પાતાળ સ્વર્ગ મહિના નમતા નરેશ
આવે પધારી અહીં શોક હરો હમેશ

કૃષ્ણ આવ્યો— ૧૬

શ્યામ કેમ આળસથી અંગો મરડાય છે
કહો જાગ્યા ક્યાં રાત કોણે રગદોળ્યા કાન્ત – કેમ૦
કોની મુક્તમાળ આ દબાણી છાતીએ
અરર પીડા થાતી હશે અપાર
લાલી આંખમાંને હોઠે મેલ ગાગ છે
ગયો તુટી ગુલાબ પુષ્પ હાર
કુમે કુમે આ ભાતી લાલ કોને બેઠી કીધી ન્યાલ
કે અમોને આપણું જુદું જણાય છે — કેમ૦

[illegible]—

૧૭

રે હરી રહેજો આ કાયા હવેલી
નામ નીર કોઇ નથી મેલી — રે હરી૦
મનના પ્રેમી ઉમળકા તેના ઝુલા બનાવ્યા
ફુલવાડી ફુલીવૃતિ ઘેલી — રે હરી
ભોજનીયાં ભાવતાણાંના પિરસ્યા છે થાળ પ્રભુજી
આરોગો આનંદ ભવ બેલી — રે હરી૦
રીઝાવીશ રોજ તમોને તન મન ધન ધરી સેવામાં
સ્વિકારો વિનતિ કરો કેલી — રે હરી૦

[illegible]—

૧૮

પ્રેમ આસવની ખુમારી જાણે કોઇ પ્યારી સુ રમણિ,
જેણે એ મસ્તિની લહેરો છે ચાખી, તેજ થાકે મનડાં દઢ રાખી,
બીજાં બોલે તે નકામાં, પ્રસંગે છે રામા જેવી સત્યભામા,
સમય ખરે કાચી અતિ બણી — પ્રેમ૦
લ્હેરએ તારી રગે રગ રમતી, વૃતિ આ બીજે રતી નવ નમતી,
એજ પ્રેમ સીમા છે સાચી, રહુ તેને વશ રાખી,
લોભાઇના કાચી, હૃદય શુન્ય ભક્તિ ભેદી ભણી — પ્રેમ૦

[illegible]—

૧૯

જાતી મદમાતી ગભરાતી આવી આપો શાન્તિ કોય
આપો શાન્તિ કોય બાળા નોધારી આ રોય — જાતી૦
આ યૌવન ધન ગંભીર થાયે, ખાજ વીજ તોફાન જાણે

ઘણું વરસે કેમ ભોય — આવી૦
મન મોહન મોરલીયા મીઠા, આજ લગી એણે નવ દીઠા,
હજુ એ વાટડી જોય — આવી૦
પણ નહિ મોર હવે ઝટ આવે, તો દુઃખ વાણુ વિણુ વરસાવ્યે,
વીંખી ખુશ ખુશ હોય — આવી૦

અર્જુન— ૨૦

ક્યાં ગઇ પવિત્ર મારી ભૂમિ દિવ્ય ભારી
ને આ કઇ જણાય ભૂમિ તામસી ગુણવાળી — ક્યાં૦
ઝાડ પહાડ નીર સમીર પક્ષિ પશુ વિકારી
આહીંના જણાયછે વળી ફરતી ખાઇ ખારી — ક્યાં૦
માર્ગ પુછું કોને નથી કોઇ દેહ ધારી
થઇ ગયો હતાશ દશા હાય શી થઇ મારી — ક્યાં૦

વિરૂપા— ૨૧

માણુવીછે માણીગર તારાથી રાત
બીડીને બાથ વ્હાલેથી વાત કરશું સંગાથ રહી મારા નાથ
મનડાં મનાવશું ભીતરમા ભાવશું ઝુલા બનાવશું
હીંચીશું સાથ — માણુવીછે૦

અર્જુન— હું તો કદરૂપો તું રંભા સાક્ષાત
મારો સંગાથ લજવે તુજ જાત તજ એ પંચાત કર બીજી વાત

વિરૂપા—વળી બોલ્યા વાંકા તો ઘાલી કાંખમાં આ જીને આંખમાં
[illegible] સાથ — માણુવી છે૦

સૌંદર્ય કેશી — ૨૨

કરે ક્યાં સુકૃતનું અભિમાન
કુમે તેરી તોય કુટણી નારી રાખે છે આઠલી આની ખુમારી
[illegible] મર નાદાન—કરે૦
ત્યારથી થાશે સારાંની ખુવારી તો તુને જપશું રામ વીસારી
હાલતો સ્થાન સમાન—કરે૦
વાસીદે હજુ આ મોતની ખારી લાગશે ધક્કો તો જીવ ખોનારી
માન મુરખડી માન—કરે૦

સૌંદર્ય કેશી— ૨૩

હાલ થકી વધુ વ્હાલ થકી ફરી ઝટ મળજો મહારાજ
લાલ નથી નકી લાલ નથી હવે તમથી અધિક મમલાજ
બીજ મનોહર સુંદર સુખ કરતા
રોપ્યું હૃદયમાં પોષજો રસ ઝરતા—હાલ૦
ઉગાડજો ફુલ વેલડી ચુંટજો રૂડી ચંપેલડી
વિરલ—વાસેં કરી મતિ ઘેલડી આલીંગશું અલબેલડી —હાલ૦

વિરૂપા— ૨૪

શુણો સ્વામીજી તમારે કામ શું શું કરવું રે
કરવું રે કરવું શું કરવુ
વાસીદું વાળવુ ને ઘરને સુધારવું જી
લુગડાં ધોવાને પાણી ભરવુ રે
ભરવુ રે ભરવુ હા ભરવું—શુણો૦

રસોઇ બનાવવીને પ્રથમ જમાડવીજી
પછી તમારે ઝોબરવુંરે ઝોબરવુંરે
ઝોબરવું ઝોબરવું—શુણો૦
સેજ બીછાવવીને મને પોઢાડવીજી
ચોકી કરતો તમારે ફરવુંરે
ફરવુંરે ફરવું હા ફરવું—શુણો૦

અર્જુન—   ૨૫

ચહે દૈવ હજુ શું કરવા નાંહે મરવા નાંહિ સરવા
પાપ અમાપ શું છે મેં કીધાં લેશ નહે મન ઠરવા—ચહે૦
કીનવી મારી શ્રેષ્ટ સાહ્યબી તેની નથી મુજને જરી પરવા
પણ આને આ સોંપી ગુલામી નાના નથી જનમ્યો એ કરવા
ત્રાસી ગયોછું દિન થયોછું
ડુબાવનાં દે તરવા—ચહે૦

સત્યમાળા—   ૨૬

આવી ક્યાં ચડી આતે શી પડી
દુખની પ્રાણહર વીજળી આકળી કુમળી
નઇ બળી બહુ રડી—આવી૦
ફુલ સમાન રેતી પિતુની ગોદમાં તે
સડે આથડે આજછે નીચ નારી બજારીકને
હજુ એ શું શું થશે કર્મ ક્યાં લઇ જશે સત્યને તાવશે—આવ૦

સત્યભામા—

૨૭

ઓ નષ્ટ નર્કગામી છો શ્રેષ્ટ તુંને કહું શું
જ. રી સમજ થાન કામી જરા સમજ થાન કામી
યુઠુંજ ભૂપ સુત રખું હું—ઓ૦
ગુરૂ ભૂપ બાંધવને મિત્ર
પુત્ર વળી શેઠ ગુણ ચડનાર—
તે બુદ્ધ પંથે પર નરને નિશ્ચય કાડાપડનાર
ગતી તારી થશે તેવી સમજ ડર ઇશ્વરથી મનમાર

૨૮

તામ્રધ્વજ— વિરલધન્વા—

પીડાઓ પ્રિયા શું કામ પડયાં પ્રિતમજીની બાથમાં

સત્યભામા— સૌંદર્ય કેશી —

સમજ્યાં હવે તમામ [illegible] જરીછે નમ હાથમાં
જુઓ લેશ કયાં એ ન્હાવાદે ભાઇ ભારી જરીન ખસવાદે

તામ્રધ્વજ—વિરલધન્વા—

ખસ્યે પ્રિત મટીજાય વધે જો નહુ હ્યાય—પડયાં૦

સૌંદર્ય—મને કેમીતી કાંહવે લેતીજા તુંને જોતુંતુંને પ્યારી
શીદઆજ

સત્યભામા—નહોતું આવું અમે જરીએ સમજ્યાં

સૌંદર્ય— બનીતે બની હવે કશો ન ઉપાય

સત્યભામા—બસેતો આવાની આવ—પડયાં૦

છોકરા— ૨૯

આપ પૈસા તું આપ નિકર શાનો તું બાપ
તુંને લટકાવી કરશું નહિ તો તાપણી

ચામતોડ—મારે ખાવુ છે સાકરને ટોપરૂં

જીવલેણ—હું તો સાકર ટેટીનો ખિસો ભરૂં

દુખદેણુ—હું તો જમરૂખને ડીકરાં લઇ ફરૂં

લોહીપીણો—આપ મકાઇના ડોડા ડુંગા કરૂં

અરજુન—નથી આપાને ખાવાને ભાખરી
નગા આશા કરોછો અતિ આકરી
ક્યાંથી કાઢું કહો દામ નથી ફુટી બદામ
છતાં જોઇએ તો ખાઓ મારા હાડ અને ચામ

છોકરાં—વાહ ભારી મજા આવશે એના ખાવામાં
ભાઇ ઉજાણી આદરીયે આપણી—આપ૦

વિરૂપા— ૩૦

મારા હુકમે હાજર હાજર રહેવાના છે ના કે હા
હા કહેશો તો હઇયા સરખા ના કહેશો તો ધોકા આ

છોકરાં—ધોઇ તમોને સિધા કરશુ / ઝટકે ઝટકે સેવા કરશું
ધુળ રાખ મોઢામાં ભરશું, બાપા બેટા કાંઇ ન ગણશું

વિરૂપા—બોલો શું કહોછો— મારા૦

અરજુન—ખુબ લીધો લ્હાવો તારાથી નથી સહેવાતું હવે. મારાથી
તું છો નારી ઉન્મત હાથી દુષ્ટ વળી આ તારાં સાથી

છેટાં રહો છેટાં—મારા૦

મારી નાખ નથી ડરવાનો તારૂં કહ્યું નથી કરવાનો
મારો નિશ્ચય નહિ ફરવાનો છોડીશ નહિં તો હું મરવાનો
રંડા જા દુર થા—મારા૦

વિરૂપા—ઉભા રહો ત્યારે ક્યાં નાસો

છોકરાં—બાપા કરીયે હલકો વાંસો

અરજુન—નહિ પકડાઉં ભુલ ન ખાશો
આ ચાલ્યો હું જુઓ તમાશો
શંભુ જય શંભુ

મયુરધ્વજ— ૩૧

આપની ઇચ્છા વશ થાવુંરે મારે તો હરી—ટેક૦
અગ્નિની ભઠ્ઠી વચ્ચે આપ ઉભાડશો તો
શિતળ સર માની ન્હાવુંરે—મારે તો૦
આપનું આપ્યું હરી હળા હળ તો હેતે
અમૃત માનીને પી જાવુંરે—મારે તો૦
ચિંતા કે શંકા શાની આપ છતાં હું રાખુ
મારે તમારૂં કહ્યું માનુંરે—મારે તો૦

અર્જુન — ૩૨

અરે હરી કૃષ્ણ પ્રભુ પ્રિયકારી

કેમ સખા દૂર થયા વિસારી મિત્રની રહેમ ધારી—અરે૦

અગ્નિ પાણી ઝેરથી ઉગાર્યો બહુવાર

આજે મોતે મારવા શું રાખેલ વિચાર

ઠીક તો થાય છે આજે મન ધારી—અરે૦

નક્કી તજીશ આ દેહને પણ માગીશ વર એક

લાગી રહેજો અંતરે પ્રભુ કૃષ્ણની ટેક

જાઉં પ્રભુ લેજો પ્રણામ સ્વિકારી—અરે૦

કૃષ્ણ— ૩૩

કર પરહર પ્રિય છો અમરરે

તાત થયો દુઃખી તવ અભિમાને, આજ ગળ્યો ફરી સાચાંજ્ઞાને

હવે ભીતિ તુજને રહે શાને, સર્વ સોંપ્યું મમ કરરે—કર૦

મદશ નહિં ફરીથી મદઘેલો, ફળ દે છે કડવાં એ વેલો

ત્યાગી બધા એ વિધિના ખેલો, ભાવ ભક્તિ ઉર ભરરે—કર૦

તમામ— ૩૪

કરુણા સાગર નટવર નાગર નમીયે સુખદ સ્વરૂપને

અતિ આકળીત આપ કૃતિ શ્રી પતિ કરે ભ્રમિત ચિત આકળાવે મતિ

પાર પામવા જે જન ચ્હાય, તે ભવ વનમાં ગોથાં ખાય
માત્ર આપનો આશ્રય થાય તે પામે તવ રૂપને—કરૂણા૦
નથી યજ્ઞ પુજનમાં મન કરતાં વિશ્વાસ રાખી કર્મો કરતાં
અમો આપનાં દુર્બળ બાળ બિરદ વિચારી આપ કૃપાળ
સેવો નીશદિન અમ સંભાળ કે નજીએ અઘ રૂપને—કરૂણા૦

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો

કૃષ્ણ— ૩૫

વશ કીધા છે તાત તમારે તાત તમારે
એથી ન અધિક કાંઇ અમારે—વશ૦
પ્રેમ પ્રમ સાથ કહેજો અંતર ચિંતા કાંઇ ન ધારે—વશ૦
પ્રભુ ઉપકારી એનો અતિશય કહેજો મુજને કદી ન વિસારે—વશ૦

કૃષ્ણ— ૩૬

ભક્ત કરે વશ ભાવે
ટેક નીરંતર ધરી દૃઢ અંતર નટસમ મુજને નાચ નચાવે—ભક્ત૦
શીલ સત્ય સમતા સંતોષથી મગ્ન ચિત્તે દુર સર્વ દોષથી
રોમ રોમ મમ નામ ઘોષથી વાટીકા વન વિકસાવે—ભક્ત૦
છેહ નેહ એવાને દેવો કે શીરમણી ગણી શરણે લેવો
ન્યાય આપજો એ જો જેવો ફરી ભ્રમ નહિંજ ભમાવે—ભક્ત૦

દરબારીઓ— ૩૭

દિન દિન અવિચ્છિન્ન વધજો કળા
રાય મયુરધ્વજની સુખકાર જે રયતના રક્ષણહાર
રો પ્રસન્ન તન મન ધનથી સદા એજ માગીએ કરતાર

જેનો સર્વ વિષે સમભાવ પુત્ર પ્રમાણે આપે લ્હાવ
શત્રુ નમતા સાંભળી નામ યોગી લેતા બેઠી વિરામ
પામી ભાગ્ય વતિ નગરી અતિ પતિ એવા પ્રભુ અવતાર—દિન૦
વર્ણાશ્રમ ધર્મો ભલીભાત પાળી પ્રજા રહે છે રળીયાત
અજાસિંહ એ એકજ સ્થાન વસે નિરંતર સંપારાન
જેની આણમાં હાણ રતી નથી બોલો તેનો જય જય કાર—દિન૦

મયુરધ્વજ— ૩૮

શુભ સમય ચુકું તો આ તન કામ કોને આવશે (૨)
અવધી થતાં પુરી જવાનું છે નક્કી તે તો જશે
હાડ પીંજર એક જાતાં કૃષ્ણ કિર્તન બહુ થશે
જે વડું કહે અધમ જનને ભક્તિ મહિમા ભાવશે—શુભ૦
સંતપર ઉપકાર કરતાં સ્વાર્થ વધુ છે આ વિષે
ક્ષણિક દેતાં અમર દેહી થઇ પ્રભુ ધામે વસે—શુભ૦

સત્યમાયા— ૩૯

મારી મીઠી મેનાં મુખથી બોલો પિયુ પિયુ પિયુ
થઇ અલબેલી ઉમ્મર તારી આ સજની
કેમ જાય છે રસીક વિના રૂડી રજની
કીલ કીલાટ કરી મેળવ મોહન
આવેલો અવસર કર ધન ધન
ચાર દિવસ રહેશે આ યોવન
ભુલીશો પશ્ચાતાપ અતિ મન

માન માન મુરખડી મારૂં કહ્યું—મારી
મારા સમ કહું એકવાર પ્રીય આવો પ્રીય આવો
લેરખડી લલનાની લઘુ આલંક તણો લ્હાવો
સ્વેત આણુ શીવના સમ કુચપર કર પંકજ પધરાવો
પછી હોયજે હ્રદયામાં તે ધામથી પ્રગટાવો
એલા નહી બોલે મારૂં નહી માને ખાવા નહી દઉંગ
બોલ બોલ એ બની મારૂં સાંભળાવા મન થયું—મારી

સાદંર્ય કેશી ૪૦

પ્રીત રીત શીખો પાસુ પાસ ખાસ શાણી
પાણી પાણી તો થઈશ રસીક રાણી
નિત નિત બોલાવીશ વ્હાલથી વખાણી
આવો આવો આલીંગો હેત આણી
ડરશોના ધીમી ધીમી વાતથી રીઝાવશું
દઈ રહેજો રહેજ સહેજ હાથપણ હલાવશું
ને જરીક ચાંપી હૃદય ધડકતું દબાવશું
રેજો મુંગા મન માગ્યો ગુણ આણી—પ્રીત.
વેણી છુટી જાય તુટી જાય ચોળી અંગથી
ને કદી દુખાય અંગ રંગીલા પ્રસંગથી
ધારજો ઉમંગ તોય ના જશો પલંગથી
વ્હાલાં ત્યારે થાશો ગેલીઓ જાણી—પ્રીત.

સત્યભામા — ૪૧

આવું કરો છો છેલા છેલ થઈ ન્યારી તમારી તો રીતછે

સૌંદર્યકેશી—

ત્યારી અમારી એ રાણી છે સારી વિચારો તો પ્યારી એ પ્રિત છે

સત્યભામા—

પ્રિતિ એ પ્યારી લાગેછે તમારી ને ચુંથાય મારૂં આ ચિતછે

સૌંદર્યકેશી—

પ્હેલું તો ચુંથાય ને પછી નાં થાય જુદું એ ચિત તણી રીતછે

સત્યભામા—

એવાં બોલી કાલાં કાલાં ને પ્રેમમાં જુઠી તમારી પ્રીતછે

સૌંદર્યકેશી—

ત્યારે તો છોડો સહુ નખરાંનો તમારાં પણ આતો ચરિતછે—આશુ૦

૪૨

સત્યભામા—સૌંદર્યકેશી—

આજ હસવામાં હાલ્યું ગયાં ચિત્ત સુજાણ
ઉઠા અંતરના સહુ ભાણે

તામ્રધ્વજ—વીરલોચના—

એમાં હાની શી પ્રાણ થતાં અમને આજાણું
ધુર્ત લેશો લલિત લ્હાવોરે
મ્હેને બોલાવ્યું વેગે રીઝાવ્યું
પરણ્યો દઢ કરણું આ દિલ પર હાવો
ધુર્ત લેશો લલિત લ્હાવોરે—ધુર્ત

ચંત્યમાયા—સઉદર્યકેશી—

તમને તો એજ વાત સુઝેછે દીવસ રાત
અમને નવ ગમતું એ બોલો નહિ જાઓ
શાને તેડાવ્યા વિણ આવોરે—૪૯૦

તામ્રધ્વજ—વિરલકન્યા—

સપડાયાં તોએ વાદ કહેશો શું નાનેના
ત્યારે તો શિક્ષા દઉં આવો બંધાઓ
પછી જોશું કે કેમ ફાવોરે—૪૯૦

ધનવીર-વાણીયા ૪૩

હાલજો હાલજો હાલજોરે સહુ સાજનીયા માજનીયા હાલજો
બાબાને ઘેર આજ ભુંડું ભરાણું તેને ભગાડીને મ્હાલજોરે—સ'
પળી પળી તેલ રેડી ગોદડાં બીજની ધીમેથી કોઠીમાં ઘાલજોરે—સ'
સામે કાંઠે નાદને લઇ જશું બાળવી દિવાશળી ત્યાર પછી આલજોરે
—સહુ.
ધીમેથી હોળીની રમતડી રમશું નાતઆખી થઇ જાશું ન્યાલજોરે—સ.

મયુરધ્વજ ૪૪

પ્રભુજી ક્યારે તુજ ચરણુમાં આવું
નિરખી તુંને ક્યારે પાવન થાઉં
એ લાગી લગન તન મનમાંરેજી
ચોરાશી લાખ ફેરા ટળી જશે આજ મારા ટળી જશે આજ મારા

જાગશે જીવ ક્યારે જગજીવનમાંહે—મિ લાગી૦
કોટી યત્ને નવ મળતી જેની પદ ધુળ માંગી જેની પદ ધુળ માગી
તેને દીધી પુરી મુજ નયનમાંહે—મિ લાગી૦

રાગણી— ૪૫

હો મારા મોહન ના શણગાર પ્રિતમ સંગે
દરબારે અમર નામ ધામ છે
આવું છું પુંઠ છું નહિ કરૂં વાર દેજો આશરો
રેવું મારે અમર સુંદરી ને સુરે
તાજદિગ—આં ઘર તાર વસાવજો હરી દરબારની પાસ
તેના ઘરની ચાકરી પ્રીતે કરી કરજો જગ નિવાસ
સજો અખંડ સુખના હરી કરી જગત છે—હોમારા૦

રામાન ૪૬

રંજન જય ભંજન અઘ દિવ્ય મુરતિ
ગંજન મદ કરૂણા નદ જયતિ શ્રી પતિ—રંજન૦
કોટી સુર્યના સમાન કાન્તિ ચમકતિ
કીરીટ કુંડલોની છટા ઓપતિ અતિ
પિત વસન જોઈ મોહ કામની મતિ
માતા સાતા દાતા જન્મ મરણ
હાની હરણ આપ શરણ આપજો રતિ- રંજન૦
શ્યામ અંગ શોભતાં શાં ભાનુ ભગવતિ
શંખ ચક્ર પદ્મ ગદા ધારી પ્રિય અતિ

જોઇ સ્મિત કરે મુખડાં અંતરે શાંતિ
ચાહવા આવા લ્હાવા નિશદિન લઉં
શરણું રહું પાવન થાઉં માગું એ ગતિ-રંજન

“સમાપ્ત.”

જાહેર ખબર.

શ્રી નરહરિ પ્રસાદિક નાટક કંપનીમાંથી નીચે પ્રમાણે નાટકના ચોપડા મળશે.

નામ	કિંમત.
રાજા સત્યવ્રત	[illegible]
પ્રેમમુગ્ધા	[illegible]
રૂપ ચરિત્ર	૦—[illegible]
સતીમુક્તા	૦—૪—૦
રતિ [illegible]	૪—૦
[illegible]	૧—૦—૦
સત્યજ્ઞાન [illegible]	૦—૨—૦
[illegible]	૦—૨—૦
ભાગ્યની [illegible]	૦—૨—૦
સતી વિભાવરી	૦—૨—૦
મધુર [illegible]	૦—૨—૦
ચંદ્ર પ્રભાવતી	૦—૨—૦
કુમુદ કેશરી	૦—૨—૦

જમનાદાસ વસનજી ઠક્કર,

ન. પ્ર. ના. કં. મેનેજર.